અરજી નં.૩૪૩ તા.૧૮–૨–૦૯

અરજદારઃ શ્રી વિશ્રામભાઈ લક્ષ્મણભાઈ ડોડીયા
સામાવાળાઃ ડે.કમિશ્નર (૫અનેઈ) જાહેર માહિતી અધિકારી નોર્થઝોન
શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન
ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી સ્મીમેર

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિશ્રામભાઈ લક્ષ્મણભાઈ ડોડીયાની તા.૩૦–૧૨–૦૮ ની અરજીથી તા.૧–૧–૦૫ થી તા.૩૦–૧૧–૦૮ સુધીના સફાઈ કામદારોના માસિક ડેટા નોર્થઝોનમાં પ્લેગમાં હંગામી ધોરણે રોકેલ કામદારો વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૮–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૪૩/૨૦૦૮–૦૯

શ્રી વિશ્રામભાઈ લક્ષ્મણભાઈ ડોડીયાની તા.૩૦–૧૨–૦૮ ની અરજીથી તા.૧–૧–૦૫ થી તા.૩૦–૧૧–૦૮ સુધીના સફાઈ કામદારોના માસિક ડેટા, નોર્થઝોનમાં પ્લેગમાં હંગામી ધોરણે રોકેલ કામદારો વિ. મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર ન મળવાના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૨ તા.૨૬–૨–૦૯ થી ડે.કમિશ્નર (૫અનેઈ) જાહેર માહિતી અધિકારી નોર્થઝોન, શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તેમજ ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી સ્મીમેરને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે કાયદાની કલમ ૮,૯ કે ૧૧ હેઠળ કોઈ અપવાદ રજૂ કરેલ નથી.

અરજદારની તા.૩૦–૧૨–૦૮ ની અરજીથી તા.૧–૧–૦૫ થી તા.૩૦–૧૧–૦૮ સુધીના સફાઈ કામદારોના માસિક ડેટા વિ. મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને મુદ્દા નં.૧ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ હોવાનું જણાતું નથી. તથા મુદ્દા નં.૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી આપવામાં આવેલ હોવાનું જણાયેલ નથી. તેમજ મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી અરજદારની અરજી અનુસંધાને અત્રેના વિભાગને મળેલ માહિતી મુજબ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૭૯ તા.૧૦–૨–૦૯ થી માહિતી આપેલ હોવાનું જણાય છે. અરજદાર અપીલ અરજીમાં અમને કોઈ માહિતી કે જવાબ મળેલ નથી એમ જણાવે છે.

અરજીની હકીકત જોતાં અરજદારે ડીન સ્મીમેરને અરજી કરેલ જે ડીનના પત્ર નં.સ્મીમેર/આરટીઆઈ/૩૯૨૩ તા.૩–૧–૦૯ થી મુદ્દા નં.૨ માટે ઝોનલ ઓફિસર નોર્થઝોનને તથા ઝોનલચીફ ઓફિસર સેન્ટ્રલ ઝોનને મુદ્દા નં.૩, ૪ માટે તેમજ બાકી અંગે મેડીકલ સુપ્રિટેન્ડન્ટ સ્મીમેરને તબદીલ કરેલ તે પૈકી મુદ્દા નં.૩,૪ અંગે સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૭૯ તા.૧૦–૨–૦૯ થી મુદ્દા નં.૩ માં વોર્ડ નં.૧૨ માં આવેલ મિલ્કતના સર્વે નં.૧૨/૨૪૬૫ તેમજ ૧૨/૨૪૬૬ ની વેરાબીલની નકલ આપવામાં આવેલ. તેમજ મુદ્દા નં.૪ થી વોર્ડ નં.૧૧ ચૌટાપુલ વિસ્તારમાં આવેલ ચોક બજાર પોલીસ સ્ટેશન તથા ડીસીબી પોલીસ ઈન્સ્પેકટરશ્રીને સાફ સફાઈ અંગે સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા સે.ઝોન/આરોગ્ય/સેની/આંનં.૧૬૮૨ તા.૫–૧૧–૦૭ થી આપવામાં આવેલ પત્રની ઝેરોક્ષ નકલ આપવામાં આવેલ.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૩૦–૧૨–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૪ પૈકી મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી પૂરી પડાયેલ છે. જયારે મુદ્દા નં.૧ની માહિતી માટે મેડીકલ સુપ્રિટેન્ડન્ટ સ્મીમેર અને જાહેર માહિતી અધિકારીને તથા મુદ્દા નં.૨ અંગેની માહિતી માટે ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી પૂરી પડાયેલ ન હોય સદર માહિતી આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન –૭માં પૂરી પાડવા જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (૫અનેઈ) જાહેર માહિતી અધિકારી નોર્થઝોન અને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન, મેડીકલ સુપ્રિટેન્ડન્ટ સ્મીમેર અને જાહેર માહિતી અધિકારી તથા ડીનશ્રી અને જાહેર માહિતી અધિકારી સ્મીમેર... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિશ્રામભાઈ લક્ષ્મણભાઈ ડોડીયા,